SSG હોસ્પિટલના રુકમિણી પ્રસૂતિ ગૃહ સામે ફાયર બ્રિગેડની લાલ આંખ, ગંભીર બેદરકારી બદલ નોટિસ

# SSGHની રૂકમણી પ્રસૂતિ ગૃહને ફાયરની નોટિસ

**નવજાત બાળકો** અને માતાઓના જીવ જોખમમાં મૂકતી હોસ્પિટલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ એવી સયાજી હોસ્પિટલ એક વખત ફરી વિવાદો અને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. હોસ્પિટલ પરિસરમાં આવેલા અને અત્યંત સંવેદનશીલ ગણાતા 'રુકમિણી ચૈનાણી પ્રસૂતિ ગૃહ'ને વડોદરા ફાયર બ્રિગેડ દ્વારા ગઈકાલ સાંજે એક મહત્વપૂર્ણ અને કડક નોટિસ ફટકારવામાં આવી છે. ફાયર સેફ્ટીના નિયમોના સરેઆમ ઉલ્લંઘન અને વહીવટી તંત્રની ઘોર બેદરકારી બદલ ફાયર વિભાગ દ્વારા આ આકરું પગલું ભરવામાં આવતા જ હોસ્પિટલ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ છે.

વડોદરા ફાયર બ્રિગેડની ટીમ દ્વારા સયાજી હોસ્પિટલ કેમ્પસમાં એક આકસ્મિક નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન અધિકારીઓ ત્યારે ચોંકી ઉઠ્યા જ્યારે રુકમિણી પ્રસૂતિ ગૃહમાં આગ જેવી કટોકટીની સ્થિતિમાં સામનો કરવા માટે બનાવવામાં આવેલો પાણીનો અંડરગ્રાઉન્ડ સંપ સાવ ખાલીખમ જોવા મળ્યો હતો. તંત્રની આ આઘાતજનક લાપરવાહી સામે આવતા જ ફાયર વિભાગે મોડું કર્યા વિના હોસ્પિટલ સત્તાધીશોને કારણદર્શક નોટિસ ફટકારી દીધી હતી.

ભવિષ્યની મોટી હોનારત રોકવા ફાયર બ્રિગેડએ કડક આદેશ આપતાં જણાવ્યું હતું કે, પ્રસૂતિ ગૃહ એ હોસ્પિટલનો એવો સંવેદનશીલ વિભાગ છે જ્યાં નવજાત માસૂમ બાળકો અને સગર્ભા માતાઓ મોટી સંખ્યામાં સારવાર હેઠળ હોય છે. આવા વોર્ડમાં જો કોઈ કારણસર આગની દુર્ઘટના સર્જાય અને પાણી જ ઉપલબ્ધ ન હોય, તો સ્થિતિ કેટલી ભયાવહ બની શકે તેની કલ્પના માત્ર ધ્રુજાવી દેનારી છે. આ ગંભીર જોખમને ધ્યાનમાં રાખીને ફાયર બ્રિગેડે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, ઈમરજન્સીના સમયે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે ફાયર સેફ્ટી માટે અલગથી પાણીની ટાંકીની વ્યવસ્થા વહેલી તકે ઊભી કરવામાં આવે. જો આગામી સમયમાં નિયમોનું પાલન નહીં થાય તો કાયદેસરની કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.



પત્નીના મોતના પગલે રહસ્યમય સંજોગોમાં ગાયબ થયેલા પતિની શોધખોળ

# પત્નીના મોત બાદ પતિ હોસ્પિટલમાં જ મૃતદેહ બિનવારસી છોડીને જતો રહ્યો

**સયાજી હોસ્પિટલમાં** ટૂંકી સારવારમાં દમ તોડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ સંસ્કારી નગરી વડોદરા શહેરમાંથી સંબંધોને શર્મસાર કરતી અને માનવતા મરી પરવારી હોય તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુલતાનપુરા વિસ્તારમાં રહેતી એક વૃદ્ધાને અચાનક ખેંચ આવતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. જોકે, પત્નીના અવસાન બાદ તેમનો મૃતદેહ હોસ્પિટલમાં જ બિનવારસી હાલતમાં મૂકીને પતિ ત્યાંથી રહસ્યમય સંજોગોમાં જતા રહ્યા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે મૃતકના અન્ય સગા-સંબંધીઓની શોધખોળ આદરી છે.

વડોદરાના સુલતાનપુરા વિસ્તારમાં આવેલા ભૂપેન્દ્રભાઈના દવાખાના પાસે ૬૭ વર્ષીય જ્યોતિબેન નરેશભાઈ દેસાઈ તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત ૨૯મી તારીખે સવારે ૧૦ વાગ્યાના અરસામાં જ્યોતિબેન પોતાના ઘરે હતા, ત્યારે અચાનક જ તેમને શારીરિક તકલીફ થતાં ભારે ખેંચ આવી હતી. પત્નીની તબિયત લથડતા જ પતિ નરેશભાઈ તાત્કાલિક તેમને વડોદરાની સયાજી હોસ્પિટલમાં લાવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તાકીદે જ્યોતિબેનની સારવાર શરૂ કરી હતી, પરંતુ કમનસીબે ટૂંકી સારવાર દરમિયાન જ જ્યોતિબેને દમ તોડી દીધો હતો. પત્નીના મોતના સમાચાર મળતા જ પતિ નરેશભાઈ હોસ્પિટલના સત્તાવાળાઓને કે પોલીસને જાણ કર્યા વિના જ પત્નીનો મૃતદેહ હોસ્પિટલના બિછાને મૂકીને ત્યાંથી રવાના થઈ ગયા હતા. હોસ્પિટલ સ્ટાફને આ અંગે જાણ થતાં જ ચકચાર મચી ગઈ હતી. આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસને જાણ કરાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પતિ કયા કારણોસર મૃતદેહ છોડીને ચાલ્યો ગયો તે રહસ્ય હજુ અકબંધ છે, જેથી પોલીસે મૃતકના અન્ય સગા-સંબંધીઓને ટ્રેસ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે હોસ્પિટલમાં ઉપલબ્ધ દસ્તાવેજો, સરનામા અને અન્ય વિગતોના આધારે મૃતકના પરિવારજનોનો સંપર્ક કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે. પતિના અચાનક ગાયબ થઈ જવાના કારણો અંગે પણ તપાસ ચાલી રહી છે. હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા એકત્ર કરીને સમગ્ર ઘટનાની દરેક દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

એક જ સપ્તાહમાં બીજી વખત સન્માન મેળવ્યું

# USમાં પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીનું મેયોરલ સન્માન કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત, નૈતિક જીવનશૈલી અને શાશ્વત મૂલ્યોના પ્રેરક પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીને અમેરિકામાં એક જ સપ્તાહમાં બીજી વખત નગરપતિ દ્વારા વિશેષ સન્માન મળતા ગુજરાત સહિત સમગ્ર ભારત માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. ગત ૨૨ જૂનના રોજ અમેરિકાના રોનોક શહેરના મેયર દ્વારા 'ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી ડે' જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૨૫ જૂને ડેલાવર રાજ્યના વિલ્મિંગટન શહેરના મેયર અને ડેલાવરના પૂર્વ ગવર્નર તથા પૂર્વ સાંસદ જોન કાર્નીએ પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીને 'મેયોરલ ટ્રિબ્યુટ' અર્પણ કરીને સન્માનિત કર્યા હતા.આ પ્રસંગે મેયર જોન કાર્નીએ જણાવ્યું હતું કે ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીએ વિશ્વભરના અસંખ્ય લોકોને કરુણા, સેવા, નૈતિકતા અને વ્યક્તિગત જવાબદારી સાથે જીવન જીવવાની પ્રેરણા આપી છે. તેમના વિચારો અને સંદેશ માત્ર કોઈ એક સમાજ કે ધર્મ પૂરતા મર્યાદિત નથી, પરંતુ સાંસ્કૃતિક અને ધાર્મિક સરહદો ઓળંગીને માનવ હૃદય સુધી પહોંચે છે. જીવનમૂલ્યોને આધુનિક જીવન સાથે જોડવાની તેમની આગવી શૈલીને કારણે તેઓ વિશ્વભરના યુવાનો અને પરિવારો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.એક જ સપ્તાહમાં અમેરિકાના બે અલગ-અલગ શહેરો દ્વારા મળેલું આ વિશિષ્ટ સન્માન માત્ર પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીના વ્યક્તિત્વનો જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, સદાચાર, સેવા અને માનવતાના શાશ્વત મૂલ્યોનો પણ વૈશ્વિક સ્વીકાર છે.



ગોત્રી દિનદયાળ નગરમાં કૌટુંબિક ઝઘડાએ લીધું હિંસક સ્વરૂપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30 ગોત્રી વિસ્તારમાં આવેલા દિનદયાળ નગર ખાતે રહેણાંક મકાનમાં કૌટુંબિક ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ફરિયાદી હિનાબેન ચિરાગભાઈ પરમાર રહે. બ્લોક નં.35/418, જુના વુડાના મકાન, દિનદયાળ નગર, ગોત્રી રોડ, વડોદરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તા.29 જૂનના રોજ રાત્રે 11:30 વાગ્યાની આસપાસ મોજે-બ્લોક નં.35/418ના મકાન નીચે આરોપી મુના કનોજીયા, જયરાજ ઉર્ફે રાજલાનો સાળો જીગર, રાગીનીબેન કનોજીયા અને શોભનાબેન કનોજીયા નાઓએ ફરિયાદી, તેમના પતિ ચિરાગભાઈ તથા ઉદય ઉર્ફે કીશુ ડોડીયા સાથે છુટા હાથે મારામારી કરી હતી. દરમિયાન આરોપી રાગીનીબેને ફરિયાદીને ડાબી આંખના ઉપરના ભાગે મુક્કો મારી ઈજા પહોંચાડી હતી. જ્યારે આરોપી જીગરે મોઢું ચપ્પુ કાઢીને જો ચેઈન નહીં મળે તો તમને બધાને જોઈશ લઈશ તેવી ધમકી આપી હતી.

સમા કેનાલ પર સાયકલ ટ્રેક પાછળ ૧૦ કરોડનો ધુમાડો

# વડોદરા મહાનગર પાલિકાનું અણઘડ આયોજન, સયાજીબાગની ૭૦ સાયકલ ભંગાર હાલતમાં

**વાઘોડિયા રોડ** પર ૮૦ લાખનો ટ્રેક ગાયબ થયા બાદ તંત્રનો નવો ખર્ચ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ વડોદરાના ઐતિહાસિક સયાજીબાગમાં નાગરિકોના ઉપયોગ માટે લાવવામાં આવેલી અંદાજે ૭૦ જેટલી સાયકલો યોગ્ય દેખરેખ અને વપરાશ વિના ધૂળ ખાઈને હવે સંપૂર્ણપણે ભંગાર હાલતમાં ફેરવાઈ રહી છે. આ કિંમતી સાયકલોના પૈડાંમાંથી હવા નીકળી ગઈ છે અને પંચર થઈ ગયા છે, તો ક્યાંક સાયકલોની ચેન તૂટી ગયેલી હાલતમાં જોવા મળી રહી છે. એટલું જ નહીં, ખુલ્લામાં પડી રહેવાને કારણે મોટાભાગની સાયકલોની સીટો પણ સડીને ખરાબ થઈ ગઈ છે. જો વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વહેલી તકે આ સાયકલોનો સદુપયોગ કરવામાં નહીં આવે, તો અંતે પાલિકા તંત્ર પાસે જનતાના ટેક્સના પૈસામાંથી ખરીદાયેલી આ કિંમતી સાયકલોને ભંગારના ભાવે વેચી દેવા સિવાય બીજો કોઈ રસ્તો બાકી નહીં રહે. એક તરફ પાલિકા પાસે ઉપલબ્ધ સાયકલો ભંગાર બની રહી છે, ત્યારે બીજી તરફ વડોદરા શહેરના સમા કેનાલ વિસ્તારમાં નવો સાયકલ ટ્રેક આકાર લઈ રહ્યો છે. આ નવા સાયકલ ટ્રેકના પ્રોજેક્ટ પાછળ પાલિકા તંત્ર દ્વારા રૂપિયા ૧૦ કરોડ જેટલો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે.



અગાઉ વાઘોડિયા રોડ ખાતે રૂપિયા ૮૦ લાખના ખર્ચે સાયકલ ટ્રેક હતો પરંતુ, આ કરોડોના આંધણ સમાન પ્રોજેક્ટની પણ યોગ્ય જાળવણી ન થતાં આજે એ સાયકલ ટ્રેક સંપૂર્ણપણે અદ્રશ્ય થઈ ચૂક્યો છે. અને ત્યાં દબાણો કે અન્ય વાહનોનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. લોકોનું કહેવું છે કે, સયાજીબાગમાં સડી રહેલી ૭૦ સાયકલોને ત્યાં જ રાખી મૂકીને કચરો કરવાને બદલે, સમા કેનાલ ખાતે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા નવા સાયકલ ટ્રેક પર સીફ્ટ કરી દેવી જોઈએ.

બ્રિટિશ લાઈબ્રેરીમાં MSUના લાઈબ્રેરિયનની નિમણૂંક

# ILLP-૨૦૨૬ માટે લાઈબ્રેરિયન ડો.મયંક ત્રિવેદીની પસંદગી

**ડો. ત્રિવેદી લંડનમાં** 1થી 10 જુલાઈ દરમિયાન યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.30 શ્રીમતી હંસા મહેતા લાઈબ્રેરીના યુનિવર્સિટી લાઈબ્રેરિયન ડો. મયંક જે. ત્રિવેદીની બ્રિટિશ લાઈબ્રેરી, લંડન દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ લાઈબ્રેરી લીડર્સ પ્રોગ્રામ (ILLP)-2026 માટે પસંદગી થઈ છે. તેઓ ભારતમાંથી પસંદગી પામનાર એકમાત્ર પ્રતિનિધિ છે. આ કાર્યક્રમ 1થી 10 જુલાઈ, 2026 દરમિયાન લંડનમાં યોજાશે, જેમાં વિશ્વભરના માત્ર 22 લાઈબ્રેરી અને માહિતી વ્યાવસાયિકો ભાગ લેશે. ILLP વિશ્વના વરિષ્ઠ લાઈબ્રેરી વ્યાવસાયિકો માટેની અગ્રણી લીડરશિપ પહેલ છે. તેમાં નોલેજ મેનેજમેન્ટ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, સંશોધન સહાય, લીડરશિપ ડેવલપમેન્ટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઓપન સાયન્સ અને લાઈબ્રેરીઓની ભાવિ ભૂમિકા જેવા વિષયો પર ચર્ચા થશે. ડો. ત્રિવેદી વર્ષ 2010થી એમએસ યુનિવર્સિટીમાં યુનિવર્સિટી લાઈબ્રેરિયન તરીકે સેવા આપી રહ્યા છે.ડો. ત્રિવેદીએ જણાવ્યું કે, બ્રિટિશ લાઈબ્રેરીમાં ભારત અને એમએસ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવું ગૌરવની વાત છે. આ તક વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ શીખવા અને ભારતીય લાઈબ્રેરી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા ઉપયોગી બનશે. યુનિવર્સિટી પરિવારે આ સિદ્ધિ બદલ ગર્વ વ્યક્ત કર્યો છે. આ પસંદગી એમએસ યુનિવર્સિટીની વૈશ્વિક ઓળખને વધુ મજબૂત બનાવશે.

મૂંગા પશુઓ પર ક્રૂરતા વધશે અને જાહેર આરોગ્ય જોખમાશે : જીવદયાપ્રેમીઓ

# વડોદરામાં નવું કતલખાનું બનાવવાનું આયોજન પડતું મૂકવા VSPCAની માગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ વડોદરા શહેરમાં મહાનગરપાલિકા દ્વારા પ્રસ્તાવિત નવા આધુનિક કતલખાનાના નિર્માણને લઈને વિરોધનો સૂર ઉઠ્યો છે. વડોદરા સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ સંસ્થા દ્વારા આ દરખાસ્તનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. સંસ્થાના ઉપપ્રમુખ રાજીવ શાહે આ ગંભીર બાબતે વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુને એક વિશેષ પત્ર લખીને આ પ્રસ્તાવ પર પુનઃવિચાર કરવા અને તેને સદંતર પરત ખેંચવા માટે ભાવુક તેમજ તાર્કિક અપીલ કરી છે. મ્યુનિસિપલ કમિશનરને પાઠવવામાં આવેલા આ પત્રમાં ભારતીય સંસ્કૃતિના મૂળભૂત સિદ્ધાંતોનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજીવ શાહે જણાવ્યું છે કે આપણી સંસ્કૃતિ હંમેશાં 'અહિંસા પરમો ધર્મ' અને 'જીવો અને જીવવા દો' ના ઉમદા આદર્શો પર આધારિત રહી છે. આવા સંસ્કારી, ઐતિહાસિક અને ધાર્મિક નગરમાં નવા કતલખાનાની દરખાસ્ત લાવવાથી સમગ્ર જીવદયા પ્રેમીઓ, જૈન સમાજ અને સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને આક્રોશની લાગણી વ્યાપી ગઈ છે. વડોદરા હંમેશાં કલા, સાહિત્ય અને સંસ્કારની નગરી તરીકે ઓળખાય છે, જ્યાં મૂંગા પશુઓ પ્રત્યે પણ પરંપરાગત રીતે કરુણા રાખવામાં આવે છે. પત્રમાં વધુમાં ભારપૂર્વક જણાવાયું છે કે મૂંગા પશુઓના કલ્યાણ અને પર્યાવરણની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રએ આ પ્રકારના હિંસક નિર્ણયો લેવાથી બચવું જોઈએ. કતલખાનાના નિર્માણથી માત્ર પશુઓ પર ક્રૂરતા વધશે એટલું જ નહીં, પરંતુ તેનાથી સ્થાનિક સ્તરે પર્યાવરણ પ્રદૂષણ અને જાહેર આરોગ્ય પર પણ વિપરીત અસરો પડી શકે છે. VSPCAના ઉપપ્રમુખે મ્યુનિસિપલ કમિશનરને આગ્રહપૂર્વક વિનંતી કરી છે કે લોકલાગણી અને જીવદયાના વ્યાપક હિતમાં આ સંવેદનશીલ નિર્ણયને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. તેમણે અંતમાં ઉમેર્યું હતું કે વહીવટી તંત્ર દ્વારા લેવાનારા આવા કરુણામય અને પશુ કલ્યાણલક્ષી નિર્ણયો જ માનવીય સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે, જેથી મહાનગરપાલિકાએ આ વિવાદાસ્પદ આયોજન વહેલી તકે પડતું મૂકવું જોઈએ.



સ્થાનિકોની સતર્કતાથી જીવ બચ્યો

# છાણી કેનાલમાં ઝંપલાવી મહિલાનો આત્મહત્યાનો પ્રયાસ

**મોટી સંખ્યામાં** લોકો એકત્ર થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.30 વડોદરા શહેરના છાણી કેનાલ વિસ્તારમાં મોડી રાત્રે એક મહિલાએ કેનાલમાં ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કરતાં વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સ્થળ પર હાજર સ્થાનિક લોકો અને રાહદારીઓની સતર્કતા તથા સમયસર કરાયેલા બચાવ પ્રયાસોના કારણે મહિલાને કેનાલમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવી હતી. જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

ઘટનાની જાણ થતાં જ ફતેગંજ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મહિલાને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યારબાદ તેની પૂછપરછ સહિત જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક માહિતી મુજબ મહિલાએ કયા કારણોસર આ પગલું ભર્યું હતું તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. પોલીસ દ્વારા મહિલાના પરિવારજનોનો સંપર્ક કરી સમગ્ર ઘટનાની વિવિધ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક લોકોની સમયસૂચકતા અને હિંમતના કારણે મહિલાનો જીવ બચી ગયો હતો. ઘટનાને પગલે થોડા સમય માટે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ જતા વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી.

પોલીસ દ્વારા લોકોને અફવાઓથી દૂર રહેવા અને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવાની અપીલ કરવામાં આવી છે.

વાઇબ્રન્ટ ગુજરાતની તૈયારીઓ વચ્ચે સરકારી કામકાજ ખોરવાયું

# સરકારી કચેરીઓમાં ટેબલો ખાલી, કલાકો સુધી લાઈનોમાં ઊભા રહ્યા બાદ નાગરીકો પરત ફર્યા

**વૈકલ્પિક** વ્યવસ્થાના અભાવે સામાન્ય પ્રજાના પડતર પ્રશ્નો વણઉકેલાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.30 વડોદરા શહેરમાં મોહરમ અને સતત ત્રણ દિવસની જાહેર રજાઓ બાદ પોતાના અટકેલા કામો માટે સરકારી કચેરીઓએ પહોંચેલા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કચેરીઓ ખુલતાં જ અરજદારોની મોટી ભીડ જોવા મળી હતી, પરંતુ અનેક કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓની ગેરહાજરીને કારણે મોટાભાગના કામો અટકી ગયા હતા. વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદની તૈયારીઓમાં સરકારી તંત્ર વ્યસ્ત હોવાથી નિયમિત વહીવટી કામગીરી પ્રભાવિત થઈ હોવાના આક્ષેપો ઉઠ્યા છે.



શહેરની વિવિધ સરકારી કચેરીઓમાં જવાબદાર અધિકારીઓની ખુરશીઓ ખાલી જોવા મળતાં અરજદારોને કલાકો સુધી રાહ જોવી પડી હતી. દૂરદૂરથી આવેલા લોકો, વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓને લાંબી લાઈનોમાં ઉભા રહેવા છતાં કામ ન થતાં નિરાશ થઈ પરત ફરવું પડ્યું હતું. સ્થાનિક નાગરિકોમાં આ સ્થિતિને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે સરકારના મહત્વના કાર્યક્રમોનું આયોજન જરૂરી છે, પરંતુ તેના કારણે સામાન્ય જનતાના રોજિંદા વહીવટી કામો અટકી જાય તે યોગ્ય નથી. નાગરિકોનો આક્ષેપ છે કે વૈકલ્પિક વ્યવસ્થા ન ગોઠવાતા લોકોના પ્રશ્નો વણઉકેલાયેલા રહ્યા છે. જેના કારણે સરકારી તંત્રની કામગીરી અને આયોજન સામે અનેક સવાલો ઊભા થયા છે.

સ્થાનિક તંત્રની અચાનક અને કડક કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ચકચાર

# તાંદલજામાં મોટી મસ્જિદ પાસે પાલિકાનું બુલડોઝર ફર્યું, ગેરકાયદે દબાણોનો સપાટો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા તાંદલજા ખાતે આજે મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા એક બહુ મોટી અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તાંદલજા વિસ્તારમાં આવેલી પ્રખ્યાત મોટી મસ્જિદ પાસે લાંબા સમયથી સરકારી જમીન પર પગપેસારો કરીને ઊભા કરાયેલા ગેરકાયદેસર દબાણો પર પાલિકાના બુલડોઝરે જોરદાર સપાટો બોલાવ્યો હતો. તંત્રની આ અચાનક અને કડક અટકાયતી કાર્યવાહીને પગલે સમગ્ર તાંદલજા અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે ચકચાર મચી ગઈ હતી. લાંબા સમયથી સ્થાનિક રહીશો અને ટ્રાફિકને નડતરરૂપ બનતા આ દબાણોને પળવારમાં જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. પાલિકાની ટીમ જેવી જ બુલડોઝરો અને હથિયારો સાથે ઘટનાસ્થળે પહોંચી, કે તુરંત જ સ્થાનિક લોકો અને વેપારીઓના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જોકે, આ કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે અથવા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન કથળે તે માટે તંત્ર દ્વારા અગાઉથી જ પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતાં પાલિકાના ઉચ્ચ અધિકારીઓનો મોટો કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો અને તેમની દેખરેખ હેઠળ જ આખી કામગીરી આગળ ધપાવવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે સરકારી જમીનો પર થતા કોઈપણ ગેરકાયદેસર બાંધકામો સાંખી લેવામાં આવશે નહીં. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે. સ્થિતિ પર કાબૂ રાખવા અને શાંતિ જાળવી રાખવા માટે સ્થાનિક પોલીસ મથક તેમજ વધારાની પોલીસ ફોર્સનો ચુસ્ત બંદોબસ્ત સમગ્ર વિસ્તારમાં ગોઠવી દેવાયો હતો. પોલીસની કડક અને સતર્ક હાજરીને કારણે દબાણ હટાવવાની આ સમગ્ર કામગીરી કોઈ પણ જાતના વિરોધ કે ઘર્ષણ વિના, અત્યંત શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ શકી હતી. પાલિકાએ ફરી એકવાર સરકારી જમીન પર ગેરકાયદે કબજો જમાવીને બેઠેલા તત્વો સામે લાલ આંખ કરીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને છોડવામાં આવશે નહીં.



મુખ્યમંત્રીની મંજૂરી બાદ DA ૫૫% થી વધીને ૫૮% થયું

# એસટી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩%નો વધારો કરાયો

**કર્મચારીઓને** એરિયર્સ સાથે મળશે લાભ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30 રાજ્ય સરકારે એસટી નિગમના કર્મચારીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેતા મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો મંજૂર કર્યો છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણયથી હાલ 55 ટકાના દરે મળતું ડીએ હવે વધારીને 58 ટકા કરવામાં આવશે.

સરકારના આ નિર્ણયનો લાભ એસટી નિગમના તમામ પાત્ર કર્મચારીઓને મળશે. માત્ર વધારેલા મોંઘવારી ભથ્થાનો જ નહીં, પરંતુ વધારાની રકમના બાકી રહેલા એરિયર્સ પણ કર્મચારીઓને ચૂકવવામાં આવશે. આ નિર્ણયના કારણે એસટી નિગમ પર અંદાજે રૂ. 24 કરોડથી વધુનો વધારાનો આર્થિક બોજ પડશે, પરંતુ કર્મચારીઓને સીધો આર્થિક લાભ થશે. નિર્ણયના અમલીકરણ માટેના વિગતવાર આદેશો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. કર્મચારીઓના કલ્યાણને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલા આ નિર્ણયને એસટી કર્મચારીઓ માટે મોટી રાહત તરીકે જોવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે મોંઘવારી ભથ્થું એ કર્મચારીઓને વધતી મોંઘવારીની અસર સામે આર્થિક સુરક્ષા આપવા માટેનું વધારાનું ભથ્થું છે. સામાન્ય રીતે દર છ મહિને મોંઘવારીના દરને આધારે ડીએમાં ફેરફાર કરવામાં આવે છે અને કર્મચારીના મૂળ પગારના આધારે તેની ગણતરી થાય છે. એસટી કર્મચારીઓ લાંબા સમયથી ડીએમાં વધારાની માંગ કરી રહ્યા હતા. સરકારે 3 ટકાનો વધારો મંજૂર કરતા હવે કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# મેલેરિયા વિરોધી ઝુંબેશમાં ૪૮૯ મિલકતોને નોટિસ

(પ્રતિનિધિ) વડોદરા તા.30 આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માર્ગદર્શન હેઠળ વડોદરા મહાનગરપાલિકા દ્વારા જૂન માસ દરમિયાન મેલેરિયા વિરોધી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પ્રી-મોન્સુન અભિયાન હેઠળ 7.54 લાખથી વધુ ઘરોમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મચ્છરોના પોરા મળી આવતા 489 રહેણાંક અને વ્યાપારિક મિલકતોને નોટિસ ફટકારવામાં આવી છે. ઉપરાંત સંવેદનશીલ વિસ્તારોમાં ચેકિંગ, પાણી ભરાવાના સ્થળોની સફાઈ, ગંબુશિયા માછલીઓ છોડવા તેમજ શાળાઓ અને વિવિધ વિસ્તારોમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજી નાગરિકોને મચ્છરજન્ય રોગોથી બચવા અપીલ કરવામાં આવી છે.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ થયું હતું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
IDFC FIRST Bank
CIN: L65110TN2014PLC097792 રજિસ્ટર્ડ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નઈ-600031
ફોન: +91 44 4564 4000 || ફેક્સ: +91 44 4564 4022

**જાહેર નોટિસ**
**સોનાની હરાજી સહ આમંત્રણ નોટિસ**

આથી નીચે દર્શાવેલા લોનધારકો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે ઉક્ત લોનધારકોએ સોનાના દાગીના ગીરો મૂકીને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ(બેંક) પાસેથી લોનની સુવિધાઓ મેળવી હતી અને વારંવારની યાદ અપાવવા છતાં અને નોટિસો આપવા છતાં, લોનધારકો આ સુવિધા હેઠળ નિયત સમયમાં બાકી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે. તદનુસાર, બેંક, તેના અધિકારોનો ઉપયોગ કરીને, તેની લેણી રકમની વસૂલાત માટે 04-ઓગસ્ટ-2026 થી 06-ઓગસ્ટ-2026 દરમિયાન ગીરો મૂકેલા સોનાના દાગીનાની જાહેર હરાજી કરશે. લોનધારકોને આથી જાણ કરવામાં આવે છે કે નિરીક્ષણ/બોલી (બિડ)ની તારીખ પહેલાં લાગુ પડતા સંબંધિત વ્યાજ, ચાર્જીસ અને ખર્ચ સાથે સમગ્ર બાકી નીકળતી રકમ ચૂકવવાની આ અંતિમ તક છે, તેમ કરવામાં નિષ્ફળ જશે તો ગીરો મૂકેલા સોનાના દાગીના નિયમનકારો દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર હરાજી દ્વારા વેચી દેવામાં આવશે.

| લોન એકાઉન્ટ નંબર | લોનધારકનું નામ | શાખાનું નામ |
|---|---|---|
| 165575271 | બેલાબેન તારકે | આણંદ |

હરાજીના કિસ્સામાં જો આ હરાજીમાંથી કોઈ વધારાની રકમ (સરપ્લસ) પ્રાપ્ત થશે, તો તે સંબંધિત લોનધારકને પરત કરવામાં આવશે અને જો હરાજી પછી કોઈ ખાધ/ઘાટો જણાશે, તો બાકીની રકમ લોનધારક પાસેથી યોગ્ય કાનૂની કાર્યવાહી દ્વારા વસૂલવા પાત્ર રહેશે. આઈડીએફસી ફર્સ્ટ બેંક પાસે કોઈ પણ પૂર્વ સૂચના આપ્યા વિના હરાજીમાંથી કોઈપણ ખાતાને હટાવવાનો અધિકાર છે, વધુમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક પોતાની વિવેકબુદ્ધિથી કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વિના હરાજીનું શિડ્યુલ પાછળની તારીખે સુધારવાનો અથવા મોકૂફ રાખવાનો અધિકાર અનામત રાખે છે. હરાજી સવારે 10:00 થી બપોરે 01:00 વાગ્યા દરમિયાન તેના અધિકૃત હરાજી સેવા પ્રદાતા મેસર્સ શ્રીરામ ઓટો મોલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ભૌતિક મોડમાં હાથ ધરવામાં આવશે. જો ગ્રાહક મૃત્યુ પામ્યા હોય, તો હરાજી સંબંધિત તમામ શરતો તેમના નોમિની/કાનૂની વારસદારને લાગુ પડશે.

હરાજી વેચાણની શરતો અને નિયમો:
1. સંબંધિત સોનાના દાગીનાનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના આધારે થશે.
2. બોલી લગાવવા ઈચ્છતા બિડર્સે બેંકના અધિકૃત હરાજી સેવા પ્રદાતા પાસે નોંધણી કરાવવી પડશે અને KYC જરૂરિયાતોનું પાલન કરવું પડશે.
3. બિડ સબમિટ કરતાં પહેલાં દાગીના અને તેની વિશિષ્ટતાઓ વિશે પોતે નિરીક્ષણ કરવું અને સંતોષ મેળવવો એ બિડર્સની જવાબદારી રહેશે. બિડર બ્રાન્ચ મેનેજરની સલાહ લઈને દાગીનાનું નિરીક્ષણ કરી શકે છે.
4. સૌથી ઊંચી બોલી બેંકના અધિકૃત પ્રતિનિધિ દ્વારા મંજૂરીને આધીન રહેશે.
5. સફળ બિડરે નિયત સમયની અંદર વેચાણની સંપૂર્ણ રકમ જમા કરાવવી પડશે, તેમ કરવામાં નિષ્ફળ જશે તો અગાઉ જમા કરાયેલી રકમ જપ્ત કરવામાં આવશે.
6. એકવાર વેચાયેલા ગોલ્ડ પાઉચ કોઈપણ સંજોગોમાં વેચનારને પરત કરી શકાશે નહીં અને વિજેતા બિડર/ખરીદનાર દ્વારા તેનો ભૌતિક કબજો મેળવી લીધા પછી વેચનારની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.
7. બેંકના અધિકૃત પ્રતિનિધિ પાસે કોઈ પણ પૂર્વ સૂચના આપ્યા વિના અથવા કોઈપણ કારણ દર્શાવ્યા વિના કોઈપણ બોલી સ્વીકારવા/નકારવા અથવા હરાજી રદ/મોકૂફ રાખવાનો અધિકાર અનામત છે.
8. વેચાણ બેંક દ્વારા મંજૂરીને આધીન છે.

સહી/-
તારીખ: 01-07-2026 અધિકૃત અધિકારી
સ્થળ: ગુજરાત આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ માટે